# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-07-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) રાજ્યમાં ક્ષતિગ્રસ્ત માર્ગોમાંથી કુલ 47 ટકા પેચવર્કનું તથા 63 ટકા ખાડા પૂરવાનું કામ પૂર્ણ
2) ગુજરાત ATS-એ સત્તાવાર પરવાના વગરની રિવૉલ્વર સાથે સાત વેપારીની ધરપકડ કરી.
3) સરદાર સરોવર પુનઃ વસવાટ સંસ્થા હસ્તકની વસાહતોને મૂળ ગામ સાથે ભેળવવા, હસ્તાંતરણ કરવાના નિયમોને આખરી ઓપ અપાયો.
4) રાજ્યના 83 તાલુકામાં વરસાદ , સાબરકાંઠા, અરવલ્લી અને મહીસાગરમાં આવતીકાલે ભારે વરસાદની આગાહી.
5) પાટણના ખેલાડી વિહંગ સાલ્વીએ રાજ્ય તરણ સ્પર્ધા ના પાંચ વિભાગમાં સુવર્ણ ચંદ્રક જીત્યા

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM AADESH

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ક્ષતિગ્રસ્ત માર્ગોની સમારકામની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા આદેશ આપ્યો છે. તે અંતર્ગત અત્યાર સુધી 47 ટકા પેંચવર્કની કામગીરી એટલે કે કુલ એક હજાર 401 કિલોમીટર જેટલી લંબાઈના મૅજર અને માઈનૉર રસ્તાઓમાં પેચવર્કનું કામ પૂર્ણ થયું છે. જ્યારે રસ્તાઓમાં પડેલા માઈનર પોટહૉલ્સ-ખાડા પૂરવાની 63 ટકાથી વધુ એટલે કે , નવ હજાર 92 પોટહૉલ્સ પૂરવામાં આવ્યા છે.

જ્યારે જાહેર સલામતીને ધ્યાને લઈ મૅજર અને માઈનૉર કૅટેગરીના કુલ 97 બ્રિજ વાહનવ્યવહાર માટે બંધ કરાયા. આગામી દિવસોમાં પણ મુશ્કેલી ન થાય તે માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા તકેદારીના પગલાંઓ લઈને સત્વરે રસ્તાઓ મરામત કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . .

# BRIDGE—ROAD—REPAIRING-1

રાજ્યભરના જર્જરિત બ્રિજની ચકાસણી થઈ રહી છે ત્યારે ગાંધીનગરથી એક ટુકડી નર્મદા જિલ્લામાં સ્થળ નિરીક્ષણ કરી રહી છે. નાના- મોટા તમામ બ્રિજની તપાસ કર્યા બાદ છ બ્રિજને વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાયાં છે.

જિલ્લા કલેક્ટર એસ. કે. મોદીએ , રાજપીપળા-મોવી માર્ગ પર આવેલા કરજણ નદી પરના બ્રિજનું સ્થળ નિરીક્ષણ કર્યું. આ અંગે કલેક્ટરે વધુ માહિતી આપી.

(બાઇટ એસ.કે.મોદી નર્મદા જિલ્લા કલેક્ટર )

સુરત જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીએ કામરેજ તાલુકાના ખોલવડ અને આંબોલીને જોડતા તાપી નદી પરના બ્રિજની મુલાકાત લીધી હતી. સમારકામને લીધે આ બ્રિજ બંધ કરાયો છે . અંદાજે ૩૦ થી ૩૫ દિવસમાં તમામ કામ પૂર્ણ કરી બ્રિજને ફરી ખુલ્લો મૂકાશે.

છોટાઉદેપુર જિલ્લામાં સંખેડા તાલુકાના બહાદુરપુરા , હરેશ્વર અને ખેરવાડી માર્ગ સમારકામની કામગીરી હાથ ધરી , આ માર્ગ પુનઃ વાહનવ્યવહાર માટે કાર્યરત કરાયો હતો....1

BRIDGE—ROAD—REPAIRING-2

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર-ઝઘડીયા-રાજપીપળા સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા ધોરીમાર્ગોનું સમારકામ ચાલી રહ્યું છે . ઝઘડીયા તાલુકાના કુલ ખરાબ 15 કિલોમીટરથી વધુ લંબાઈના માર્ગોની મરામત કામગીરી પૂર્ણ કરાઈ છે.

**મોરબી મહાનગરપાલિકાએ શહેરના લાતી પ્લોટ વિસ્તારમાં રસ્તાના સમારકામ તથા** ગટર ઉભરાવાની સમસ્યાના નિરાકરણ માટે અત્યાધુનિક રોબોટ મશીનરી સાથે યોગ્ય કામગીરી કરવામાં આવી રહી છે.

અમદાવાદ શહેરના વિશાલા નજીક આવેલ શાસ્ત્રી બ્રિજનું નિરીક્ષણ કરી યાત્રીઓની સુરક્ષા અને વાહન વ્યવહારના પ્રવાહને ધ્યાનમાં રાખીને જરૂરી કામગીરી હાથ ધરવા અંગેનાં સૂચનો પણ નોંધવામાં આવ્યા છે.

મહેસાણા જિલ્લામાં પણ ક્ષતિગ્રસ્ત બનેલ રસ્તાઓનું સમારકામ હાથ ધરાયુ હતું.

. . . . . . . . .

# ROAD REPAIRING---PURN

રાજ્યની કુલ 17 મહાનગરપાલિકાઓમાં રોડ-રસ્તા સમારકામની કામગીરી પૂરી કરાઇ છે.

રાજ્યની અમદાવાદ , વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, ભાવનગર, જામનગર અને જૂનાગઢ એમ જૂની આઠ મહાનગરપાલિકા વિસ્તારમાં આવતા અંદાજે ૩૦૦ કિ.મી.ના લંબાઈ ધરાવતા ૨૯૧ કિ.મી.થી વધુના રસ્તાઓની મરામત કરવામાં આવી છે. જ્યારે બાકીના કામો પણ એક સપ્તાહમાં સત્વરે પૂર્ણ કરવામાં આવશે. આ ઉપરાંત કુલ ૪૧.૨૭ કિ.મીના રસ્તાઓ પર ડામરના પેચ વર્કના કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

ઉપરાંત રાજ્યની નવી મહેસાણા , નડિયાદ, આણંદ, નવસારી, વ્યાપી, સુરેન્દ્રનગર, મોરબી, ગાંધીધામ અને પોરબંદર- એમ નવ મહાનગરપાલિકા વિસ્તારમાં આવતા અંદાજે ૩૫૧ કિ.મી.ના લંબાઈ ધરાવતા રોડમાંથી ૩૧૮ કિ.મી.થી વધુના રોડ-રસ્તાઓની મરામત કરવામાં આવી છે.

. . . . . . . . . . . .

# ATS ARREST

ગુજરાત આતંકવાદ વિરોધી દળ A.T.S.-એ સત્તાવાર પરવાના વગરના અને કોઈકના U.I.D. સાથે ચેડાં કરીને મેળવેલી રિવૉલ્વર સાથે સાત જેટલા વેપારીની ધરપકડ કરી. વેપારીઓએ ઉત્તરપ્રદેશના એટા જિલ્લામાંથી એક જ લાઈનથી હથિયાર મેળવ્યા હોવાનું જણાયું છે. ધરપકડ બાદ તમામ વેપારીની રિમાન્ડ હેઠળ તપાસ હાથ ધરવામાં આવી છે.

વેપારીઓ પાસેથી કુલ સાત હથિયાર સાથે 285 રાઉન્ડ્સ કબજે કરાયા હોવાનું ATSના DySP એસ. એલ. ચૌધરીએ જણાવ્યું.

(BYTE: S. L. CHAUDHARI, DySP, GUJARAT ATS)

. . . . . . . . .

# SARDAR SAROVAR PUNAH VASVAT

રાજ્ય સરકારે સરદાર સરોવર પુનઃ વસવાટ સંસ્થા હસ્તકની વસાહતોને મૂળ ગામ સાથે ભેળવવા , હસ્તાંતરણ કરવાના નિયમોને આખરી ઓપ આપ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભે નર્મદા વસાહતોને ગ્રામ પંચાયતો સાથે ભેળવવાની કાર્ય પદ્ધતિને મંજૂરી આપી છે. હસ્તાંતરણની આ કાર્ય પદ્ધતિ આગામી બે મહિનામાં પૂર્ણ કરાશે.

આ વસાહતોમાં ઉપલબ્ધ નાગરિક સુવિધાઓ , પીવાના પાણીના સ્ત્રોત , વસાહતને મુખ્ય માર્ગ સાથે જોડતો એપ્રોચ રોડ અને આંતરિક રસ્તાઓ , સ્ટ્રીટ લાઈટની સુવિધાઓ, વરસાદી પાણીના નિકાલની સુવિધાઓ કાર્યરત્ રાખવા તેનું સમયાંતરે સમારકામ તથા નિભાવણીની કામગીરી સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા કરાશે. આ સાથે જ કુલ 26 તાલુકાની 127 જેટલી નર્મદા વસાહતોનો નજીકના સંબંધિત ગામ સાથે ભળવાનો માર્ગ મોકળો થયો છે.

. . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................

# NIMUBEN BHAMBHANIYA BHAVNAGAR

કેન્દ્રીય રાજ્યમંત્રી નીમુબેન બાંભણિયાએ આજે ભાવનગર જિલ્લામાં સર ટી. હોસ્પિટલ ખાતે "રાષ્ટ્રીય વયોશ્રી યોજના" હેઠળ મૂલ્યાંકન પ્રક્રિયાનો પ્રારંભ કરાવ્યો. ત્યારબાદ વિવિધ તાલુકામથક પર આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. આ ક્રમમાં 12-મા દિવસે ઘોઘા તાલુકામાં વયોશ્રી યોજના મૂલ્યાંકન પ્રક્રિયા અવસરે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયા વિશેષ ઉપસ્થિત રહ્યાં.

ઉપરાંત સુશ્રી બાંભણિયાએ તળાજા સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં અદ્યતન શિક્ષણ-સદનનું લોકાર્પણ પણ કર્યું. દરમિયાન સુશ્રી બાંભણિયાએ માત્ર 10 મહિનાના ટૂંકા ગાળામાં આધુનિક સુવિધાયુક્ત ભવન તૈયાર કરવા બદલ શાળાના આચાર્ય ડૉક્ટર પ્રકાશ રાઠોડને અભિનંદન પાઠવ્યા હતા.

. . . . . . . .

# WEATHER FORECASTT

રાજ્યમાં આગામી સાત દિવસ હળવોથી મધ્યમ વરસાદ યથાવત્ રહેશે. દરમિયાન આવતીકાલે સાબરકાંઠા , અરવલ્લી અને મહીસાગરમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી છે. આ સાથે જ માછીમારોને 18 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

દરમિયાન રાજ્યમાં આજે સાંજે છ વાગ્યા સુધીમાં 83 તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ સવા બે ઈંચ જેટલો વરસાદ સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં ખાબક્યો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 50 ટકા જેટલો વરસાદ થયાના અહેવાલ છે.

. . . . . . . . . .

# SUDARSHAN SETU DWARKA

દેવભૂમિદ્વારકા જિલ્લામાં ઓખા અને બેટદ્વારકાને જોડતા સુદર્શન સેતુ બ્રિજને નુકસાન થયું હોવાનું દાવો કરતો સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થયો હતો, જિલ્લા વહીવટી તંત્રએ આ વીડિયો બાદ બ્રિજનું નિરીક્ષણ કરતાં બ્રિજ સંપૂર્ણ રીતે સલામત અને તેની પર અવરજવર કરવામાં કોઈ જોખમ ન હોવાનું જણાવ્યું. દરમિયાન કોઈ પણ પ્રકારની અફવા પર વિશ્વાસ ન કરવા સુદર્શન સેતુ બ્રિજના સિવિલ મૅનેજર વિકાસ ધંધાએ લોકોને અપીલ કરી છે.

(બાઈટ – વિકાસ ધંધા )

. . . . . . . .

# STATE SWIMMING CHAMPIONSHIP

પાટણના ખેલાડી વિહંગ સાલ્વીએ રાજ્ય તરણ સ્પર્ધાનાં પાંચ  વિભાગમાં સુવર્ણ ચંદ્રક જીત્યા છે. અમદાવાદમાં યોજાયેલી ગુજરાત રાજ્ય જૂનિયર અને સબ-જૂનિયર તરણ સ્પર્ધામાં ખેલાડીએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. શ્રી સાલ્વીએ 14 વર્ષથી ઓછી વયની શ્રેણીની 200 , 400, 800 અને એક હજાર 500 ફ્રી સ્ટાઈલ તેમજ 200 મીટર વ્યક્તિગત રમતમાં કુલ પાંચ સુવર્ણ ચંદ્રક પોતાના નામે કર્યા છે.

વિહંગ સાલ્વી હાલમાં અમદાવાદમાં તાલીમ લઈ રહ્યા છે. નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ વિહંગ નિયમિત અભ્યાસ કરી રહ્યા છે. તાજેતરની સિદ્ધિથી તેમણે પાટણ શહેર અને શાળાનું નામ રોશન કર્યું છે.

. . . .